## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, ખાલી મોબાઈલ નેટવર્ક બંધ ન થાય તેટલું ધ્યાન રાખજો... પૂરમાં તરીને નીકળવાની બીક નથી લાગતી....

# ટાટ પાસ ઉમેદવારોની પડતર માંગણી અંગે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મંગળવારના રોજ સવારે રાજયભરમાંથી ટાટ-૧ અને ટાટ-૨ પરિક્ષા પાસે કરેલા હજ્જારો ઉમેદવારો ઉમટી પડયા હતા. ઉમેદવારોની માંગણી છે કે રાજય સરકાર તાત્કાલીક ધોરણે ટાટ પાસ ઉમેદવારોની ભરતી મોટી સંખ્યામાં કરે. જેથી ટાટ પાસ ઉમેદવારો હાલ બેરોજગાર છે તેઓને રોજગાર મળી રહે.

# ટયુશન પ્રથા નાબુદી અને સ્કુલ સેફટી સહીતના મુદ્દે ડી.ઇ.ઓ.ની આચાર્યોને તાકીદ

**જિલ્લાની ૩૦૦ થી વધુ શાળાના આચાર્યો સાથે તબક્કાવાર બેઠક યોજાઇ : પરિણામ સુધારણા, ગુણવત્તા યુક્ત શિક્ષણ, સ્કુલ સેફટી, એફ.આર.સી. ટયુશન પ્રથા, વૃક્ષારોપણને પ્રોત્સાહીત કરવા સહીતના મુદ્દે જરૂરી સુચના અપાઇ**

ગાંધીનગર તા ૩૦

જિલ્લાની શાળાઓમાં પરિણામ સુધારણા તેમજ સ્કુલ સેફટી અને ટયુશન પ્રથા નાબુદી જેવી બાબતો અંગે વિશેષ તકેદારી રાખવા તેમજ તેનો યોગ્ય અમલ થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીએ આચાર્યોને તાકીદ કરી છે. શાળાના આચાર્યો સાથે તબક્કાવાર યોજાયેલી બેઠકમાં હરિયાળી અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તે માટે વૃક્ષારોપણના કાર્યક્રમો હાથ ધરવા માટે પણ આચાર્યોને જણાવાયુ છે.

પરિણામ સુધારણા તેમજ ગુણવત્તા યુક્ત શિક્ષણ સહીત સ્કુલ સેફટી સહીતના મુદ્દે જિલ્લા શિક્ષણાધિકારીએ આચાર્યો સાથે બેઠક કરી હતી. આ દરમિયાન વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ આપવા સહીત એફ આર સી ના નિયમોનુ પાલન થાય તેમજ શિક્ષકો દ્વારા ટયુશનનની પ્રવૃતિ ન થાય તે માટે પુરતી તકેદારી રાખવા માટે જણાંવાયુ હતુ. જિલ્લાના ચારેય તાલુકાની ગ્રાન્ટેડ અને ખાનગી શાળાના આચાર્યો સાથે જિલ્લા શિક્ષણાધિકારીએ તબક્કાવાર બેઠકો કરી હતી. આ દરમિયાન ૩૦૦ થી વધુ શાળાના આચાર્યો સાથે બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જિલ્લાની શાળાઓમાં ટ્યુશનની બદીને ડામવા ઉપરાંત સ્કુલ સેફટીના પરિબળો પણ યોગ્ય રીતે જળવાય તે માટે પણ આચાર્યોને સજાગ રહેવા માટે જણાંવાયુ હતુ. આ ઉપરાંત શાળાકક્ષાએ હરિયાળીના જતન અને સંરક્ષણ મામલે વિદ્યાર્થીઓ વધુ જાગૃત થાય તે માટે પણ વૃક્ષારોપણના કાર્યક્રમો થકી વધુ વૃક્ષો ઉછેરવા પણ જણાંવાયુ હતુ. બોર્ડના પરિણામના અંતે નબળુ પરિણામ ધરાવતી શાળાઓને પણ પરિણામ સુધારણા માટે યોગ્ય કામગીરી કરી સમયાંતરે સમીક્ષા કરવા માટે પણ જણાંવાયુ છે. સુરતની ઘટના બાદ ફાયર સેફટીના મામલે જાગૃત થયેલા તંત્રના અંતે જિલ્લાની શાળાઓમાં પણ ફાયર સેફટીના મામલે કોઇ બેકાળજી ન દાખવે તે માટે પુરતો ખ્યાલ રાખવા માટે તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત ફી નિંયત્રણના મુદ્દે પણ એફ આર સી ના નિયમોનુ પાલન થાય તેની તકેદારી રાખવા માટે પણ આચાર્યોને સુચના આપવામાં આવી હતી. શાળામાં વિદ્યાર્થીઓને ગુણવત્તા યુક્ત શિક્ષણ પુરુ પાડવા તેમજ પરિણામ સુધારણાના મામલે પણ જરૂરી સુચના આપવામાં આવી હતી. શિક્ષણને સ્પર્શતા વિવિધ મુખ્યપાંચ મુદ્દાઓને અનુલક્ષીને જિલ્લા શિક્ષણાધિકારીએ આચાર્યોની સાથે ચર્ચા વિચારણા કરી જરૂરી સુચના આપી હતી.



# સે-૨૩ ખાતે શિવશકિતના ૨૦મા પાટોત્સવ નિમિત્તે શોભાયાત્રા યોજાઈ

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતે શિવશકિત મંદિરનો ૨૦મો પાટોત્સવ ભારે શ્રધ્ધાપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું દવે ગૃપ ટયુશનના સંચાલક સે-૨૩ના પરેશભાઈ દવે તથા તેમના પરિવારજનો દ્વારા પૂજન અર્ચન સાથે સ્વાગત કરાયું હતું.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ તથા સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ એ પણ ઉપસ્થિત રહી માતાજીની આરતી તથા પૂજનનો લાભ લીધો હતો. પરેશભાઈ દવે તરફથી તમામ ભાવિક ભકતો માટે નાસ્તાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# પેથાપુર ચોકડીથી પોલીસે ૩૧૧ પેટી દારૂ ભરેલું ટ્રેલર પકડી પાડ્યું

**પેથાપુર પોલીસે ત્રણ શખ્સોની અટકાયત કરીને કુલ રૂ.૨૪.૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુર ચાર રસ્તા પાસેથી સોમવારની મોડી રાત્રે પેથાપુર પોલીસે વિદેશી દારૂ ભરીને જઈ રહેલું ટ્રેલર ઝડપી પાડ્યું છે. પોલીસે ટ્રેલરમાં તપાસ કરતા ખોળના કટ્ટાની આડમાં લઈ જવાતો ૩૧૧ વિદેશી દારુની પેટી કિ.રૂ.૧૧,૧૯,૬૦૦ ખોળના કટ્ટા કવરીંગ કરેલા રૂ.૩,૧૫,૦૨૪, ટ્રેલર કિં.રૂ.૧૦ લાખ, મીણીયાની તાડપત્રી નંગ-૨ રૂ.૨,૦૦૦, મોબાઈલ નંગ-૪ કિં.રૂ.૫૦૦૦ અને રોકડા રૂ.૪૦૦૦ મળીને કુલ રૂ. ૨૪,૪૫,૬૨૪ નો મુદ્દામાલ કબ્જે ત્રણ શખ્સોની અટકાયત કરીને પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પીએસઆઈ એ.જી.એનુરકારને દારુની હેરાફેરી અંગે બાતમી મળી હતી, જેને પગલે પોલીસ ના જવાનો વોચમાં ગોઠવાઈ ગયા હતા. પોલીસે બાતમી વાળી ટ્રેલર નં. એચ.આર.૮૪.-૬૦૦૭ નંબરને પકડી પાડી હતી. ટ્રેલરની અંદર તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ખોળના કટ્ટાની નીચે સંતાડી રાખેલ વિદેશી દારુની ૩૧૧ પેટી સહિત ડ્રાઈવર સહિત ત્રણ શખ્સો મળી આવ્યા હતા. જેમાં ડ્રાઈવર સંદિપ ઉર્ફે કાલા ધર્મવીર કુંડું (રહે.ટીંટોલી હરીયાણા), કન્ડકટર કુલદિપસિંહ ડબાસ ( રહે.મહમુદપુર, માંજરા, હરીયાણા) તેમજ ત્રીજો શખ્સ પ્રવિણસિંહ મનુસિંહ રાણા (રહે.ભુંડીયા ધરમપુર) ગાંધીનગરનો સમાવેશ થાય છે. પોલીસની પ્રાથમિક પુછપરછમાં ટ્રેલરમાં દારુનો જથ્થો હરીયાણાના રહે.ચરખી ગામના અનુ જાટે ભરી આપ્યો હતો, તેણે કહ્યું હતું કે ટ્રેલર ચિલોડા ખાતે ઉભુ રાખજો જયાં એક શખ્સ ગાડીમાં બેસી જશે. જે વ્યકિત જયાં કહે ત્યાં ટ્રેલર ખાલી કરી દેજો.ટ્રેલરમાંથી પકડાયેલા પ્રવિણસિંહની પુછપરછ બાદ પોલીસે દારુ કોનો હતો અને કોને આપવાનો હતો તે જાણી શકાય તેમ છે.પેથાપુર પોલીસે ત્રણેય શખ્સો અને દારુ ભરી આપનાર શખ્સ મળી કુલ-૪ સામે પ્રોહીબિશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




# દહીંયા કાંડમાં મહિલાનું નિવેદન લેવા માટે પોલીસની ટીમ દિલ્હી પહોંચી

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત કેડરના આઈએએસ અધિકારી ગૌરવ દહીયા અને દિલ્હીની મહિલા વચ્ચેના સંબંધોના મામલે સામસામે આક્ષેપ થઈ રહ્યા છે. ત્યારે દિલ્હીની મહિલાએ સેકટર-૭ પોલીસમાં કરેલી અરજીને લઈ મહિલાનું નિવેદન લેવા માટે સેકટર-૭ મથકના પીએસઆઈ એ.જે.શાહ સહિતની ટીમ દિલ્હી પહોંચી છે. ગાંધીનગર સેકટર-૭ પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. બનાવની ગંભીર નોંધ લઈ રાજયના મુખ્યમંત્રીએ પણ પાંચ સભ્યોની સમિતિની રચના કરી છે. ત્યારે ગાંધીનગર પોલીસની ટીમ દિલ્હી પોલીસની ટીમને સાથે રાખીને મહિલાનું નિવેદન નોંધશે. જો કે પોલીસ દ્વારા અધિકારી દહીયાની અરજી અંગે પણ મહિલાનું નિવેદન લેવાશે. ત્યારે આઈએએસ દહીયા સામે દિલ્હીની મહિલા દિલ્હીના વુમનસેલમાં ગંભીર આક્ષેપ કરતી અરજી કરી છે. મહિલાએ અધિકારી પરણિત હોવા છતા બીજા લગ્ન કરવા મુદ્દે છેતરપિડી અને વિશ્વાસઘાતની સાથે ફોટો -વિડીયો વાયરલ કરી દેવાની તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કર્યો છે.તે અરજી અમદાવાદ અને ત્યાંથી ગાંધીનગર આવી પહોંચી હતી. તો બીજી તરફ દહીયાએ પણ મહિલા સામે પહેલાથી બધુ જણાવી દીધુ હોવાના દાવા સાથે સંબંધો માટે દબાણ, બ્લેકમેઈલીંગ,બદનામ કરવાની ધમકીના આક્ષેપ સાથે સેકટર-૭ પોલીસ મથકમાં અરજી કરી હતી.

# શહીદોને વિરાંજલી આપતો કાર્યક્રમ યોજાયો

કરણી સેના, ગુજરાત અને અલ્પ હ્યુમન બીઈંગ ચેરીટેબલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે મા ભારતીની રક્ષા કાજે તાજેતરમાં શહીદ થયેલા ગુજરાતના ગૌરવરૂપ વીર સપૂતો વીર દિલીપસિંહ ડોડીયા (ભાવનગર), વીર પ્રવીણ ઠાકોર (ખેરાલુ), વીર પ્રકાશ ધંધુકિયા (પાલીતાણા), વીર આરીફ પઠાણ (વડોદરા)ને 'વિરાંજલી' અર્પણ કરવા અને શહિદોના પરિવારોને સન્માન આપવા દેશ ભક્તિના તેમજ વીર શહીદ જવાનોની વીરતા, ત્યાગ અને બલિદાનને બિરદાવવાનો સુંદર કાર્યક્રમ શહેરમાં યોજાયો હતો. દીપ પ્રાગટ્ય તથા રાષ્ટ્રગાન સાથે શુભારંભ થયેલ. કાર્યક્રમમાં રાષ્ટ્રીય કરણી સેનાના ઉપાધ્યક્ષ અને ગુજરાત એકમના અધ્યક્ષ રાજસિંહ શેખાવત તેમજ ફાઉન્ડેશનના પ્રમુખ અલ્પાબા પરમાર તથા સમગ્ર ટીમ દ્વારા ઉપસ્થિત સર્વેને આવકારવામાં આવ્યા હતા. પૂજ્ય ફુલશંકર શાસ્ત્રીજી તથા પૂજ્ય કૈલાસદીદીએ આશીર્વચન સાથે શહીદોના પરિવારને સાંત્વના પાઠવી હતી. મહાનુભાવો પૂર્વ રાજ્ય પોલીસ વડા ડી.જી. વણઝારા, ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ કેતનભાઈ પટેલ, ભવાનસિંહ મોરી, પ્રવિણસિંહ મોરી, મીનાબેન માધવાણી(ટોરેન્ટો,કેનેડા) વગેરે દ્વારા શહીદોને વંદન સહ વિરાંજલી




કાનભા ગોહિલ, અમદાવાદ એકમ પ્રમુખ ભૂપતસિંહ રાઠોડ, કર્નલ વી.એમ. જાડેજા, કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજના પ્રમુખ રમઝુભા જાડેજા, રાજપૂત સમાજ અગ્રણી અને ઉદ્યોગપિ અંબુજી ગોલ, ગાંધીનગર મનપા મ્યુનિ.કાઉન્સિલર હર્ષાબા ધાંધલ, અગ્રણી વકીલ શંકરસિંહ ગોહિલ, ગુજરાત પાટીદાર સમાજ 'પાસ' અગ્રણી મનસુખભાઈ પટેલ, આપતા તેમના પરિવારને બિરદાવીને સદાય સાથ આપવા કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. કરણી સેના તથા અન્ય મહાનુભાવો દ્વારા શહીદોના પરિવાર માટે આર્થિક સહયોગના ચેક પણ અર્પણ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન માસ્ટર એંકર અને લોકસાહિત્યકાર વિનોદભાઈ ઉદેચા દ્વારા કરવામાં આવ્યું હતું.

# "યાદોં કી બારાત"માં ગોલ્ડન ગીતો સાથે જુનિયર દેવાનંદનો અનોખો અંદાજ

**શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોને "આઈકા"નું ગાંધીનગર યુનિટ જાહેર કરાયું અને તેના હોદ્દેદારોની વરણી કરાઈ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સેક્ટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોની "મેરી આવાઝ સુનો" કરાઓકે કલબ દ્વારા જુના જાજરમાન ગીતોનો કાર્યક્રમ "યાદો કી બારાત" યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન ઓલ ઈન્ડિયા કરાઓકે આર્ટિસ્ટ એસોસિએશન આઈકા દ્વારા મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોની કરાઓકે કલબને ગાંધીનગર એકમ તરીકે સામેલ કરવામાં આવી હતી તેમજ તેના હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી હતી. આ સંગીતમય કાર્યક્રમમાં શહેરના 'જુનિયર દેવાનંદ' તરીકે જાણીતા અશોક પ્રજાપતિએ અનોખી રંગત જમાવી દર્શકોનું ભરપૂર મનોરંજન કર્યુ હતુ.

ઓલ ઈન્ડિયા કરાઓકે આર્ટિસ્ટ એસોસિએશન 'આઈકા' દ્વારા શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોની કરાઓકે કલબને ગાંધીનગર યુનિટ તરીકે સામેલ કરી તેના પ્રમુખ પદે અજિતસિંહ પરમાર, ઉપપ્રમુખ પદે શ્રવણકુમાર પરમાર તથા પેટ્રન મેમ્બર અને સલાહકાર પદે કિરીટકુમાર અગ્રાવતની વરણી કરવામાં આવી હતી. આ જાહેરાત 'આઈકા'ના ફાઉન્ડર તથા નેશનલ પ્રેસિડેન્ટ તેમજ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર તુષાર ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી. 'યાદોં કી બારાત' કાર્યક્રમમાં મહેસુલ ખાતાના સેટલમેન્ટ કમિશ્નર આર.એમ. જાદવ મુખ્ય મેહમાન પદે અને અતિથિ વિશેષ પદે ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન બિજોય તિવારીએ કર્યુ હતુ તેમજ કાર્યક્રમમાં કિરીટકુમાર અગ્રાવતે અનોખા અંદાજમાં ગઝલ પ્રસ્તુત કરી હતી. કાર્યક્રમમાં મોહમ્મદ રફી, લતા મંગેશકર, કિશોરકુમાર, મુકેશ, આશા ભોંસલે સહિતના દિગ્ગજ કલાકારોના ગોલ્ડન એરાના ગીતોની પ્રસ્તુતિ કરાઈ હતી જેને માણવા શહેરની અનેક સંગીત સંસ્થાના પ્રતિનિધિઓ સાથે મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉમટી પડ્યાં હતા.

# શિહોલી મોટી ગામના યુવકની હત્યાનો આરોપી ઝડપાયો

ગાંધીનગર તાલુકાના શિહોલી ગામનો ૨૦ વર્ષિય યુવક રવિવારના રોજ સાંજે ઘરેથી જમ્યા બાદ પોતાના મિત્રનો ફોન આવતા ઘરેથી નીકળ્યો હતો. મોડીરાત સુધી પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ આદરી હતી, પરંતુ સોમવારના રોજ સવારના સુમારે તેનો મૃતદેહ દશેલા-ધણપ ગામ તરફ જતા માર્ગ પર આવેલા તળાવમાંથી મળી આવ્યો હતો. જેને પગલે મૃતકના પિતાએ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી હતી. ચિલોડા પોલીસે ગણતરીના કલાકોમાં જ શિહોલી મોટી ગામના યુવકની હત્યા કરનાર આરોપી હિમાલય ઉર્ફે દેવ અશોકભાઈ ઠાકર (રહે. ધણપ ગામ)ની ધરપકડ કરવામાં આવી



છે અને તેની પાસેથી હથીયારમાં લોખંડની એંગલ પણ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ પાસેથી મળતી વિગત મુજબ દશેલા ગામમાં ધણપ જતા માર્ગ પર આવેલા તળાવમાંથી સોમવારના રોજ સવારે દશવાગ્યાના અરસામાં એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક યુવાનના ખીસ્સામાંથી આધારકાર્ડ મળી આવ્યું હતું. જેને પગલે તે શિહોલી ગામનો પાર્થ પ્રફુલકુમાર જોશી હોવાનુ સામે આવ્યું હતું. યુવકના શરીરના ભાગે ઈજાના નિશાન મળી આવ્યા હતા અને માથાના ભાગે પણ ઈજાના નિશાન હતા. બનાવ અંગે મૃતક યુવાનના પિતા પ્રફુલકુમાર નટવરલાલ જોશીની ફરીયાદને પગલે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ચિલોડા પોલીસે ગણતરીના કલાકોમાં જ શિહોલી મોટી ગામના યુવાનને મોતને ઘાટ ઉતારનાર ધણપ ગામના હિમાલય ઉર્ફે દેવ અશોકભાઈ ઠાકરને પકડી પાડ્યો હતો. પોલીસ પાસે આરોપીએ ગુનો કર્યો હોવાની કબુલાત કરી છે અને મૃતક યુવાન આરોપીની પ્રેમીકાને હેરાન કરતો હોવાથી તેમજ બ્લેકમેઈલ કરતો હોવાથી આરોપીએ યુવાનને માર્યો હોવાનું જણાવ્યું છે. પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલોલ ખાતે કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ઉલ્લાસભેર કરવાના આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર એસ.કે. લાંગાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી શ્રી સ્વામિનારાયણ વિશ્વ મંગળ ગુરૂકુલ, અમદાવાદ-મહેસાણા હાઈવે, સઈજ, કલોલ ખાતે યોજાશે. આ બેઠકમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, બેઠક વ્યવસ્થા અન્ય વ્યવસ્થા અંગે સંબંધિત અધિકારીઓને કલેકટરે જરૂરી સૂચના આપી હતી.


## ચકલાસી નગર સેવા સદન
## જાહેર નોટીસ

વ્યવસાયવેરા કાયદા હેઠળ બિન નોંધાયેલ વ્યવસાયીઓ, નિયોકતાઓ (એમ્પલોયર) માટે દંડ, વ્યાજ, શિક્ષાત્મક કાર્યવાહીમાં સરકારશ્રીની રાહત યોજના - ૨૦૧૯ (તા. ૩૧-૮-૨૦૧૯ સુધી જ)

(૧) આથી ચકલાસી નગરપાલિકા હદ વિસ્તારમાં વ્યવસાય કરતી વ્યક્તિ કે સંસ્થાઓ, દુકાનો તેમજ કામે રાખનાર નિયોકતાઓ (એમ્પલોયર) જેઓ વ્યવસાયવેરા નંબર મેળવવાને પાત્ર થાય છે. પરંતુ વ્યવસાયવેરા હેઠળ નોંધણી પ્રમાણપત્ર મેળવેલ નથી તેઓ તા. ૩૧-૮-૨૦૧૯ સુધીના સમય દરમિયાન વ્યવસાયવેરા નોંધણી નંબર મેળવવા અરજી કરે અને ઉક્ત સમય દરમિયાન નિયમ દરે ભરવાપાત્ર રકમ ચકલાસી નગરપાલિકામાં ભરે તેને તરત જ નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવશે અને દંડ તેમજ શિક્ષાત્મક કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવશે.

(૨-એ) અને ચકલાસી નગરપાલિકા વિસ્તારમાં વ્યવસાય કરતી વ્યક્તિ કે સંસ્થાઓ, દુકાનો કે જે વ્યવસાયવેરા કાયદા હેઠળ નોંધણી પ્રમાણપત્ર ધરાવે છે. પરંતુ કોઈ કારણોસર વ્યવસાયવેરો ભર્યો નથી તેવા વ્યવસાયવેરાના કસુરદારો જેટલા વર્ષના વ્યવસાયવેરો બાકી હોય તેટલા વર્ષની વ્યવસાયવેરાની રકમ તા. ૩૧-૮-૨૦૧૯ સુધીમાં નિયત દરે ભરી નિયત નમૂનામાં અરજી કરે તો આકારવાપાત્ર વ્યાજમાંથી મુક્તિ આપવામાં આવશે.

(૨-બી) તેમજ ચકલાસી નગરપાલિકા વિસ્તારમાં કામે રાખનાર નિયોકતાઓ (એમ્પલોયરો) વ્યવસાયવેરા કાયદા હેઠળ નોંધણી પ્રમાણપત્ર ધરાવે છે તેમજ તેઓએ વ્યવસાયવેરો ઉઘરાવેલ હોય પરંતુ જમામ કરેલ ન હોય તેવા કામે રાખનાર નિયોક્તાઓ (એમ્પ્લોયરો)એ ઉઘરાવેલ વ્યવસાયવેરો તથા ૧.૫ ટકા લેખે વ્યાજની રકમ તા. ૩૧-૮-૨૦૧૯ સુધી ચકલાસી નગરપાલિકામાં ભરી નિયમ નમૂનામાં અરજી કરે તો દંડકીય કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવશે.

નોંધ :

(૧) તા. ૧-૪-૨૦૧૯થી વ્યવસાયવેરાની વસૂલાત ઓનલાઈન કરવામાં આવે છે. જેથી દરેક વ્યવસાયીઓએ તેઓનું વ્યવસાયવેરાનું હયાત નોંધણી પ્રમાણપત્ર તા. ૩૦-૯-૨૦૧૯ સુધીમાં નગરપાલિકામાં રજૂ કરી, ચડત તથા ચાલુ નાણાંકીય વર્ષમાં વ્યવસાયવેરો ભર્યેથી તુરંત જ ઓનલાઈન નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૨) તા. ૩૦-૯-૨૦૧૯ પછી વ્યવસાયવેરો ભરનાર વ્યવસાયીઓ પાસેથી નિયત દરે વ્યાજ વસૂલ કરવામાં આવશે. તેથી દરેક વ્યવસાયીઓએ તા. ૩૦-૯-૨૦૧૯ સુધીમાં વ્યવસાયવેરાની રકમ ચકલાસી નગરપાલિકામાં બિનચૂક જમા કરાવવા વિનંતી છે.

**ખાસ નોંધ : વિશેષ માહિતી, માર્ગદર્શન માટે ચકલાસી નગરપાલિકાની વ્યવસાયવેરો શાખાનો સંપર્ક કરવાનો રહેશે.**

જાવક નં. ૭૬૩/૨૦૧૯
તા. ૨૬-૭-૨૦૧૯

(વાય. જે. ગણાત્રા)
નાયબ કમિશનર વ્યવસાયવેરા
અને ચીફ ઓફિસર
ચકલાસી નગરપાલિકા, ચકલાસી


# પવિત્ર શ્રાવણ માસમાં "માણસા" ખાતે કરી શકાશે "કેદારનાથ દર્શન"

**કેદારનાથ ઉપરાંત સવા લાખ પંચમુખી રૂદ્રાક્ષના સ્તંભેશ્વર શિવલિંગના પણ દર્શનનો લ્હાવો : દર સોમવારે તેમજ શ્રાવણના પ્રથમ અને અંતિમ દિવસે લઘુરૂદ્રનું આયોજન : દર સોમવારે ભસ્મ આરતી થશે**

ગાંધીનગર, તા. ૩૦

આગામી ગુરૂવાર તા. ૧લી ઓગષ્ટના રોજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે અને તે સાથે શહેરના શિવાલયો "બમ બમ ભોલે"ના નાદથી ગૂંજી ઉઠશે. ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે મકાખાડ રોડ પરના આનંદી માના વડલે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ માસ નિમિત્તે વિશેષ દર્શન અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં સવા લાખ પંચમુખી રૂદ્રાક્ષના સ્તંભેશ્વર શિવલિંગ સાથે "કેદારનાથ" મંદિરની આબેહૂબ પ્રકૃતિ તૈયાર કરાઈ છે.



તાજેતરમાં લોકસભાની ચૂંટણીઓ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી "કેદારનાથ"ના દર્શને ગયા હતા જેની દેશભરના નાગરિકોએ નોંધ લીધી હતી. આ સાથે ગાંધીનગરના માણસા ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે આનંદી માને વડલે પાલઈ વિઘ્નેશ્વરી ધામ પંચદેવ મંદિરના સાનિધ્યમાં "કેદારનાથ" મંદિરની આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. આ સાથે અહીં કેદારનાથની જેમ જ હિમાલયની પર્વતમાળા અને સવા લાખ પંચમુખી રૂદ્રાક્ષથી બનેલુ સ્તંભેશ્વર શિવલિંગ પણ તૈયાર કરાયું છે. જેના દર્શન કરી શ્રદ્ધાળુઓ ધન્યતા અનુભવશે. અહીં શ્રાવણ માસના પ્રથમ દિવસે, દર સોમવારે તથા અમાસે લઘુરૂદ્ર યોજાશે. આ ઉપરાંત દર સોમવારે ભસ્મ આરતી પણ કરવામાં આવશે. શ્રાવણ માસમાં તા. ૧૯મી ઓગષ્ટ સોમવારે અંબોડના મીની પાવાગઢ યાત્રાધામથી કાવડયાત્રા યોજાશે.

જેમાં કાવડયાત્રીઓ સાબરમતી નદીનું પવિત્ર જળ લઈને આવશે અને મહાદેવજી પર તેનો અભિષેક કરશે. આ કાવડયાત્રામાં અંદાજે ૪૦૦ થી ૫૦૦ જેટલા કાવડયાત્રીઓ જોડાશે. કેદારનાથ દર્શન સાથે સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન અહીં વિવિધ ધાર્મિક કાર્યક્રમો, ભજન-કિર્તન તથા જન્માષ્ટમી જેવા પર્વો પણ ઉજવાશે. ઉલ્લેખનીય છે કે અત્રે દર વર્ષે નવી થીમ આધારિત ઉજવણી કરવામાં આવે છે જેમ કે ગત વર્ષે દ્વાદશ જ્યોતિર્લિંગ આધારિત દર્શન યોજવામાં આવ્યાં હતા.